# વાર્ષિક માસવાર આયોજન

## ધોરણ - 3

## ગુજરાતી (પ્રથમ સત્ર)

shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education





આવા દરેક ધોરણના વિષયવાર આયોજન શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

**જૂન / જુલાઈ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3** વિષય : ગુજરાતી

**પાઠનું નામ**:
(૧) વાંદરાને વાંચતાં ના આવડે

**અધ્યયન નિષ્પતિ :**
૩.૧૬ કાવ્યાત્મક લખાનમાંથી વિગતો શોધે છે.
૩.૫ દ્રશ્યાત્મક વિગતો મૌખિક રીતે રજૂ કરે છે.
૩.૧૪ વર્ણનાત્મક લખાણનું વિશ્લેષણ કરે છે.
૩.૧૨ વર્ણનાત્મક લખાનમાંથી વિગતો વચ્ચેના સબંધોને સમજે છે.
૩.૮ માહિતીલક્ષી લખાણની વિગતોનો ઉપયોગ કરે છે.
૩.૮ માહિતી લક્ષી લખાણની વિગત નો ઉપયોગ કરે છે.
૩.૧૬ કાવ્યાત્મક લખાનમાંથી વિગતો શોધે છે.
૩.૮ મહિતીલક્ષી લખાનનીવ ઈગતોનો ઉપયોગ કરે છે.
૩.૧૧ વર્ણનાત્મક લખાનમાંથી વિગતો શોધે છે.
૩.૧૪ વર્ણનાત્મક લખાણનું વિશ્લેષણ કરે છે.
૩.૧૬ કાવ્યાત્મક લખાનમાંથી વિગતો શોધે છે.
૩.૧૪ વર્ણનાત્મક લખાણનું વિશ્લેષણ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**
– ગીતનું ગાન પૂર્ણ જ્ઞાન
– ચિત્ર વર્ણન તથા પ્રશ્નોત્તરી
– વાંદરાભાઈ નું ઘર વાર્તા કથન
– વાર્તાને અનુસંધાને ઋતુઓનું વર્ણન
– વાર્તાના અનુસંધાને પ્રાણીઓના રહેઠાણની ચર્ચા
– વાર્તાના અનુસંધાને પ્રાણીઓના અવાજ સંભળાવવા
– વાક્ય રચનાની સમજ
– બોલો હું કોણ છું ? રમત
– (ટીકુબેન) ગીતનું ગાન
– શબ્દો ઉલટવો પ્રવૃતિ જોકશ

**શૈક્ષણિક સાધન :**
– મોબાઈલ
– પ્રાણીઓનો ચાર્ટ
– સુઘરીનો મળો
– ઋતુઓનો ચાર્ટ
– પ્રાણીઓનો ચાર્ટ
– રહેઠાણનો ચાર્ટ
– મોબાઈલ
– વાર્તા ચાર્ટ
– વાક્ય ચાર્ટ
– મૂલક્ષરો ચાર્ટ
– જોડકણા ચાર્ટ
– ગીતપોથી
– શબ્દ ચાર્ટ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
– સૌપ્રથમ હળવી કવાયતદ્વાર વર્ગ વ્યવસ્થા કરી એકમનું પૂર્વજ્ઞાન ચકાસી પાઠ્ય પુસ્તકમાં આપેલ ગીતનું ગયાં કરવી અને રહેઠાણની સમજ આપીશ. બાળકો સમજશે અને જણાશે. બાળકો પાઠ્ય પુસ્તકમાં આપેલ ચિત્રનું અવલોકન કરવા કહેવું અને બાળકોને જુદા જુદા પ્રશ્નો પૂછવા બાળકો ચિત્રોનું અવલોકન કરી જવાબ આપે છે.
– પાનાં નંબર – ૨ પરની વાતચીતમાં પ્રશ્નોની ચર્ચા કરવી અને સમજ આપવી. બાળકો પ્રશ્નોના જવાબો આપે. બાળકો સમક્ષ વાર્તાનું આરોહ અવરોહસાથે વાંચન કરવું અને બાળકો ને સમજ આપવી. બાળકો સમજી અને વિચારે છે. ત્યારે ત્યારબાદ પાનાં નંબર – ૫ ના પ્રશ્નોના જવાબ આપે છે. બાળકોને વ્યક્તિગત વાર્તાનું વાંચન કરાવવું બાળકો વાર્તાનું વાંચન કરેછે. અને વાર્તાને આધારે પછાયેલા પ્રશ્નોના જવાબો આપે છે.
– ત્યારબાદ બાળકોને શિક્ષક આપણી ત્રણ ઋતુઓ વિશે સમજ આપશે. બાળકો ઋતુઓ વિશે જણાશે. સમજશે. અને ઋતુઓના અનુસંધાને બાળકોને ખાલી જગ્યાઓ લખવા કહેશે. બાળકો ખાલી જગ્યાઓ સ્વપ્રયત્ને લખશે. ત્યારબાદ

બાળકોને સમૂહમાં ઉંદર રહેતો દરમાં ગીતનું ગયાં કરાવશે. બાળકો ગીતનું ઝીલગાન કરશે.

– શિક્ષક બાળકોને પાઠ્યપુસ્તક માં આપેલ ગીતના આધારે પ્રાણીઓના જુદા જુદા રહેઠાણની સમજ આપશે. બાળકોને દરેક માટે પોતાનું રહેઠાણનું મહત્વ સમજાવીશ. બાળકો દરેક ના રહેઠાણ વિશે જાણશે. તથા તેનું મહત્વ સમજશે. આપણે આપનું પોતાનું રહેઠાણ ના હોય તો કેટલી મુશ્કેલીઓ પડે તે પણ સમજાવશે. બાળકો સમજશે. અને રહેઠાણ વિશે તાર્કિક વિચારો જણાવશે.

– શિક્ષક બાળકોને સમૂહમાં કાવ્યનું ગયાં કરવી અને તેને સમજાવશે. તથા મુદ્દાવારણના તમામ પ્રાણીઑ અને પક્ષીઓના આવજો મોબિલ દ્વારા સાંભળવશે. બાળકો પ્રાણીઑ અને જુદા જુદા પક્ષીઓના અવાજ સંભાળશે. અને તે જુદા જુદા આવજો કાઢવા માટેના સ્વપ્રયાતો કરશે. શિક્ષક બાળકોને જુદા જુદા પ્રાણીઓના ખોરા તથા તેમની પાણી પીવાની રીતને સમજ આપશે. બાળકો જે જાણતા હશે તે માટે પોતે કહેવા માટેના પ્રયત્નો કરશે. પાલતુ પ્રાણીઑ તથા જંગલી પ્રાણીઓની ઓળખ આપશે. તેમના ઉપયોગની સમજ આપશે. બાળકો તે જણાશે અને સમજશે.

– શિક્ષકો બાળકોને આરોહ અવરોહ સાથે વાર્તા કહેશે. બાળકો વાર્તાનું ધ્યાનથી શ્રાવણ કરશે. શિક્ષક વર્તને અનુલક્ષીને બાળકોને પ્રશ્નો પૂછશે. બાળકો તાર્કિક વિચારો સાથે તેમની ભાષામાં જવાબ આપશે. શિક્ષક બાળકોને લખવા માટે કહે છે. બાળકો સ્વપ્રયત્ને તેમની નોટ બૂકમાં ચર્ચિત પ્રશ્નોના જવાબ લખશે અનેતેનું પઠન કરશે.

– શિક્ષક વર્ગમાં બાળકોની ટીમ બનાવશે અને તેનું નામ રીડિંગ ક્રિકેટ આપશે. દરેક ટીમમાંથી બાળકોને વકીઓનું મોટેથી વાંચન કરાવશે. અને જે બાળકોની વાક્ય રચના ખોટી હશે. તે બાળકને આઉટ જાહેર કરી ટીમમાંથી બાકાત કરશે. એટલે દરેક બાળકો વાક્ય રચના સાથે વાંચવાનો પ્રયત્ન કરશે. આમ વકીઓનું વારંવાર દ્રઢીકરણ થશે. અને સાચી વાક્ય રચના સાથે બાળકો વાંચતાં અને લખતા થશે.

– શિક્ષક વર્ગમાં બાળકોનું ચાર મૂળાક્ષરનું નામ આગળ પાછળ વચ્ચેના મૂળાક્ષરો થી બનતા જુદા જુદા અર્થ બતાવશે અને તે કયું પક્ષી છે તે સોધવા માટે બાળકોને કહેશ. બાળકો તાર્કિક વિચારો સાથે તેનું નામ શોધશે. અને કહેશે. શિક્ષક બાળકોને શોધેલ નામ પાંથી વાક્ય બનાવવા માટે કહેશે. બાળકો આવીને લખશે.

– શિક્ષક વર્ગમાં બાળકોને 'ટીકુ બહેન તો વાંચનના શોખીન' ગીતનું આરોહ અવરોહ સાથે ગાન કરાવશે. અને ગીતની સમજ આપશે. બાળકો સમૂહમાં કાવ્યનું ગાન કરશે. શિક્ષક કાવ્યને અનુરૂપ પ્રશ્નોના જવાબો પૂછશે. બાળકો તેના જવાબ આપશે. અને પાઠ્ય પુસ્તકમાં તેના જવાબો લખશે. – શિક્ષક બાળકોને શબ્દોના આડા આવલ મૂળાક્ષરોને સીધા મૂળાક્ષરો થી સાચો શબ્દ ની સમજ આપશે. બાળકો આડા અવળા લખેલ શબ્દ અને અર્થ સભર શબ્દ બનાવશે. અને પોતાની સ્વાધીએપોથી માં લખશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

– ગીતનું ગયાં
– પ્રાણીઓના જુદા જુદા આવજની રમત
– ચિત્ર અવલોકન
– તર્ક શક્તિનો ઉપયોગ
– વંદરનો અવાજ
– સુઘરીના માલની બનાવટ
– ચકલી ઊડે ની રમત
– વંદરભાઈ અને સુઘરી બહેનનો અભિયાય
– ઋતુઓનું ગીત
– જુદા જુદા રહેઠાણના ગીતનું ગાન
– રહેઠાણના તાર્કિક વિચારો
– જુદા જુદા પ્રાણીઓના આવાજ

– ગાય, કૂતરો, બિલાડી, સિંહ, શિયાળ
– જુદા જુદા આવજની રમત રમવી.
– તાર્કિક પ્રશ્નો : –
૧) વાદરાઓને કોનો મિનારો બનાવ્યો હતો ?
૨) મિનારથી વરસાદમાં વાંદરા બચ્યા હતા ?
૩) વાંદરા એ તાપણી કરવા શું ભેગું કર્યું ?
– ક્રિકેટ વકીઓનું વાંચનની રમત
– બોલો હું કોણ છું ની રમત
– નામના છેલ્લા બે અક્ષરો તર ત્રીજો અને પહેલો અક્ષર તક તે કોણ જ હશે.
– ગીતનું ગાન
– સવાદી – દિવસ, રાચટી – ટીચર, રાગરિકા – કારીગર

**મૂલ્યાંકન**

– પાંચ પ્રાણીઓના નામ લખવા માટે જણાવીશ.
– ત્રણ પ્રશ્નો પૂછવા
– પાંચ પ્રશ્નો પૂછવા અને લખવા કહીશ.
– ઋતુઓના નામ લખવા માટે જણાવીશ.
– પ્રાણીઓના નામની સામે રહેઠાણના નામ લખવા જણાવીશ.
– પ્રાણીઓના નામ લખવા તેમના ઉપયોગ તેમના બચ્ચા ને શું કહેવાય તે લખો.
– પ્રશ્નોના જવાબ લખવા માટે કહીશ.
– વાંચેલ વકીઓનું લેખન કરવા માટે જણાવીશ.
– આવા બીજા ચાર પક્ષીના નામ લખો
– પ્રશ્નોના જવાબ લખવા માટે કહીશ.
– ઉલટા શબ્દોની સીધા લખો

**જૂન/ જુલાઇ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3** વિષય : ગુજરાતી

**પાઠનું નામ:**
નિબંધ લેખન અનુલેખન

**અધ્યયન નિષ્પતિ :**
– સ્વચ્છ અને સુવાચ્ય લેખન કરી શકશે.
– બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી સુલેખન કરે.

**શૈક્ષણિક મુદ્દા :**
– નિબંધ લેખન – ‘અનુલેખન’

**શૈક્ષણિક સાધન :-**

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તક માંથી વકીઓનું અનુલેખન કરવા જણાવીશ. વિદ્યાર્થીઓ વકીઓનું લેખની નોટ માં અનુલેખન કરશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**
– નિબંધ લેખન – અનુલેખન

**મૂલ્યાંકન**

**જૂન/ જુલાઇ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3** વિષય : ગુજરાતી

**પાઠનું નામ:**
નિબંધ લેખન’મને ગમતું પ્રાણી ગાય’

**અધ્યયન નિષ્પતિ :**
– ચિત્રને આધારે વર્ણન કરે.

**શૈક્ષણિક મુદ્દા :**
– નિબંધ લેખન – ‘મને ગમતું પ્રાણી ગાય’

**શૈક્ષણિક સાધન :-**

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
વિદ્યાર્થીઓને ‘મને ગમતું પ્રાણી ગાય’ વિશે એક – એક વાક્ય બોલવા જણાવીશ. વિદ્યાર્થીઓ લેખન ની નોટમાં ‘ મને ગમતું પ્રાણી ગાય’ વિશે લખશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**
– નિબંધ લેખન – ‘ મને ગમતું પ્રાણી ગાય’

**મૂલ્યાંકન**

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3** વિષય : ગુજરાતી

**પાઠનું નામ:**
૨. પોટલાં ટપકે ટપ્પ

**અધ્યયન નિષ્પતિ :**
– કાવ્યાત્મક લખાણમાંથી વિગતો શોધે
– માહિતી લખાણનું વિશ્લેષણ કરે છે.
- માહિતી લખાણ ને આધારે સર્જન કરે છે.
– કાવ્યાત્મક લખાણમાંથી વિગતો શોધે છે.

– વર્ણનાત્મક લખાણની વિગતોનો ઉપયોગ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ગીતનું ગાન
– વાર્તાકથન વાદળાની રમત
– વાર્તાનું અનુસંધાને વાર્તામાં વાદળાનું વર્ણન
– વાર્તાના અનુસંધાને રૂ માંથી વાદળા બનાવવાની પ્રવૃત્તિ
– ગીતનું ગાન રીમઝીમ રીમઝીમ
– ગીતનું અભિનય સાથે ગાન
– વાર્તાકથન
– અઘરા શબ્દોનો મહાવરો અને લેખન
– સમગ્ર પુનરાવર્તન

**શૈક્ષણિક સાધન :**

– ગીતપોથી
– મોબાઈલ
– શબ્દ ચાર્ટ
– ચિત્ર ચાર્ટ
– રૂ ની પૂણી, ગુંદર, પેન
– ગીત અંક
– વાર્તા ચાર્ટ

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

– સૌપ્રથમ શિક્ષક બાળકોને હળવી કવાયત કરાવીને વર્ગ વ્યવસ્થા કરશે અને એકમને અનુરૂપ પૂર્વજ્ઞાન તાજુ કરશે. બાળકોને વર્ગમાં સમૂહમાં કાવ્યનું ગાન કરાવશે. બાળકો ઝીલગાન કરશે. કાવ્યની સમજ બાળકોને આપશે. બાળકો સમજશે અને જાણશે. તથા અભિનય સાથે ગીત ગાશે. બાળકો સમક્ષ સમૂહમાં વાદળાની ગમ્મત પાઠનું આરોહ – અવરોહ સાથે વાંચન કરશે. અને બાળકોને કઠીન મુદ્દાઓની સમજ આપશે. બાળકો સમજ મેળવશે. શિક્ષક બાળકોને વાર્તાનું વાંચન કરાવશે. અને જોડિયા શબ્દોની નીચે લીટી કરવાનું કહેશે.

– શિક્ષક વર્ગમાં બાળકોને વાર્તામાં વાદળો કેવા હોય છે કાગડાએ કેવા જુદા જુદા રંગના કપડાં પહેર્યા. વાદળાઓ એકબીજા સાથે કેવી વાતો કરે છે. નાના – નાના વાદળા મોટા વાદળા પાસે કેમ ગયા. વાદળા આકાશમાં ખૂબ મોટેથી હશે તો આપણે કેવા અનુભવ થાય વાદળાને શું વધારે ગમતું તેવી ચર્ચા બાળકો પાસે કરવી.

– શિક્ષક બાળકોને વર્ગમાં કાગળમાં વાદળાનું ચિત્ર દોરી આવી અને તેના પર ગુંદરની મદદથી રૂ ચોટાડીને રૂમાંથી વાદળા બનાવવા માટેની પ્રવૃત્તિ બાળકો તે પ્રમાણે પ્રવૃત્તિ કરશે. અને આનંદ માણશે. શિક્ષક બાળકોને વાર્તાને આધારે પ્રશ્નોના જવાબો પૂછશે. બાળકો તેના જવાબો આપશે. શિક્ષક વર્ગમાં બાળકોને કાવ્યનું પઠન કરી આરોહ – અવરોહક સાથે યોગ્ય રાગ સાથે ગીતનું ગાન કરશે. અને બાળકોને જીલ ગાન કરાવશે. બાળકો કાવ્યની સમજૂતિની સમજ મેળવશે. અને ગીતનું ગાન કરશે. રીમઝીમ રીમઝીમ

– શિક્ષક બાળકોને કાવ્યનું અભિનય સાથે ગાન કરાવશે. બાળકો વર્ગમાં અભિનય સાથે ગીત અને અભિનય કરશે. બાળકોને પ્રઘાત અને સર્જનનો વાર્તાલાપ કરશે. બાળકો ધ્યાથી સાંભળશે. બાળકો બે – બે ની જોડીમાં વાર્તા કથન કરશે અને વાંચન કરશે. પ્રાણીઓ અને પક્ષીઓના રહેઠાણની સમજ મેળવશે તથા નોંધ કરશે.

– શિક્ષક બાળકોને વાર્તામાં ઘ, ઈ, સૃ આવતો હોય તેવા શબ્દો નીચે લીટી દોરી અને એ શબ્દો લખવા માટે કહેશે. અને બાળકોને તે શબ્દો વ્યક્તિગત બાળકો શબ્દોનું વાંચન કરશે. તથા શબ્દોનો અર્થ સમજશે. શિક્ષક પાઠના અંતે સમગ્ર પુનરાવર્તન કરાવશે અને બાળકોને એક વચન અને બહુ વચન ની સમજ આપશે. બાળકો સમજશે તથા જાણશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- જુદા જુદા રહેઠાણ ઘર, માળો, દર, બોડ
– જોડાક્ષ્રોની સમજ જયોત, ફિક્કા, ગમ્મત, સળગાવ્યો
– વાદળાના કપડા
– પવનની ગાડી

– આંખ ચમકાવી
– ખૂબ હસવું
– રૂ માંથી વાદળાનો આકાર બનાવવો
– પાંખો, ફોરા, આભલે
– ડુંગરાની ટોચ
– બા ઢીંગલી જેવી બાપુ ઢીંગલા જેવા
– રીમઝીમ
– વાર્તમાં આવતા શબ્દોનું લેખન
– એક વચન અને બહુવચનની સમજ

**મૂલ્યાંકન**

– ઘરનું ચિત્ર દોરી રંગ પૂરો
– વાર્તાને આધારે પ્રશ્નો પૂછવા
– પ્રશ્નોના જવાબ પુછવા
– વાદરાનું મૌખિક વર્ણન કરાવવું
– કાવ્યનું લેખન કરવા કહીશ
– કાવ્ય તૈયાર કરવા કહેવું
– વાર્તા તૈયાર કરવા કહેવું
– અઘરા શબ્દોનું વાંચન અને લેખન કરવા કહેવું

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3** વિષય : ગુજરાતી

**પાઠનું નામ**:
૩. હું પતંગિયું મારા પિદ્ધુંનું

**અધ્યયન નિષ્પતિ :**

– કાવ્યાત્મક લખાણમાંથી વિગતો શોધે છે.
– વર્ણનાત્મક લખાણની વિગતોનો ઉપયોગ કરે છે.
– માહિતીલક્ષી લખાણમાંથી વિગતો શોધે છે.
– વર્ણનાત્મક લખાણના આધારે સર્જન કરે છે.
– કલાત્મક વિચારો રજૂ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ગીતનું ગાયન
– જોડકણાં વાદળ – વાદળ વરસે પાણી મુળાક્ષરો પરથી બનતા શબ્દોનું વાંચન
– વાર્તાના અનુસંધાને પતંગીયાનું વર્ણન
– બચ્ચાને જન્મ આપતા અને ઈંડા મુકતા પ્રાણીઓની માહિતી
– ગીતનું ગાયન
– અત્યાનું પ્રાસવાળા શબ્દોનું લેખન
– સર્વનામની સમજ
– ફકરા વાંચન અને પ્રશ્નોત્તરી
– વાક્યો પરથી પ્રાણીઓના ઉખાણા
– કોષ્ટક પરથી જીવજંતુના નામ
– કરોળિયાનું જાડું બનાવવું

**શૈક્ષણિક સાધન :**

– ગીતપોથી
– મોબાઈલ
– શબ્દચાર્ટ
– ચિત્ર ચાર્ટ
– મૂળાક્ષરપત્તા
– પ્રાણીઓનો ચાર્ટ
– જીવજંતુનો ચાર્ટ
– વાર્તા ચાર્ટ

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

– શિક્ષક વર્ગમાં બાળકોને હળવી કવાયત સાથે વર્ગ વ્યવસ્થા કરી કાવ્યનું હાવભાવ સાથે ગાન કરશે. બાળકો તેનું ઝીલગાન કરશે. બાળકોને કાવ્યની સમજૂતિ અને પતંગિયાની ઓળખ આપશે. બાળકો ઓળખશે અને કાવ્યને સમજશે.

– શિક્ષક વર્ગમાં બાળકો સમક્ષ જોડકણા કહેશે અને અમુક મૂળાક્ષરો કહેશે તેના પરથી બાળકોને શબ્દો બનાવવા માટે કહેશે. બાળકો મૂળાક્ષર પરથી શબ્દો બનાવશે અને બનાવેલા શબ્દો વર્ગમાં વ્યક્તિગત બોલશે. બાળકો સમક્ષ આરોહ – અવરોહ સાથે વાંચન કરશે. અને આ વાર્તારૂપે વિગતવાર સમજાવશે અને પતંગિયાની ઓળખ કરાવશે. પતંગિયયું – ઈંડુ, કોસેટો, ઈયળ વગેરેની માહિતી આપશે. બાળકો ધ્યાનથી સાંભળશે અને યાદ રાખશે.

– શિક્ષકો બાળકોને આજુબાજુના પર્યાવરણમાં જોયેલા પ્રાણીઓ અને પક્ષીઓના નામ બોલાવશે અને તેમાં કોણ બચ્ચાને જન્મ આપે અને કોણ

ઈંડા મૂકે તેની સમજ આપશે. બાળકો સમજશે જણાશે. જોયેલી વિગતો પણ જણાવશે.

– શિક્ષક બાળકોને સમૂહમાં 'અમે' ગીતનું ગાન કરાવશે અને બાળકો ગાશે. ત્યારબાદ વાર્તામાં આવતા વાક્યો સરખાક્રમમાં લખવા માટે કહેશે. બાળકો આખી વાર્તાનું વાંચન કરી વાક્ય ગોઠવશે.

– શિક્ષક બાળકોને અત્યાનું પ્રાસવાળા શબ્દોની સમજ આપશે. જે શબ્દની છેલ્લા મૂળાક્ષર સરખો હોય જેવા કે બાન, શાન, વાન, મહાન, નિશાન, ઈશાન, વિમાન વગેરે શબ્દો ઓળખશે અને આવા બીજા શબ્દો શોધીને લખશે.

– શિક્ષક બાળકોને વ્યાકરણમાં સર્વનામ કોને કહેવાય તેની સમજ આપશે. બાળકો તેના વિશે જાણશે અને સમજશે. વાક્યોમાં સર્વનામ ક્યાં છે તે શોધશે.

– શિક્ષક વર્ગમાં બાળકો સમક્ષ ફકરાનું વાંચન કરશે. અને તેમાંથી પ્રશ્નોના જવાબો આપશે. બાળકો જવાબો પાઠ્ય પુસ્તકમાં લખશે. શિક્ષક વર્ગમાં બાળકોને પ્રાણીઓના નામ બોલાવશે અને તેના પરથી ઉખાણા બોલવા માટે કહેશે. બાળકો કૂતરાનું, બિલાડીનું, ઉંટના વિશે ઉખાણા બોલશે બાળકો તે સાંભળશે અને જાણશે.

– શિક્ષક વર્ગના બાળકો સમક્ષ એક કોષ્ટકમાં મૂળાક્ષરોનું લેખન કરશે અને તેમાંથી પાંચ જીવજંતુના નામ શોધવા માટે કહેશે. બાળકો કોષ્ટકમાંથી જીવજંતુના નામ શોધીને બોલશે. શિક્ષક બાળકોને વર્ગમાં વાંસની સળીઓ અને દોરાથી કરોળિયાનું જાળું બનાવતા શીખવશે. તે બાળકો સૂચના પ્રમાણે જાળું બનાવશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- અભિનય સાથે કાવ્યનું ગાન
– કાવ્યના શબ્દો
– મૂળાક્ષર પરથી શબ્દો
– ન : નિશાળ
– પ : પતંગ
– ર : રાજા, રાણી, રામ
– પાંચ સાચા વાક્યો પાંચ ખોટા વાક્યો
– પતંગિયાનું વર્ણન
– જુદા જુદા પ્રાણીઓ અને પક્ષીઓ
– ખાલી જગ્યા લખવી
– વાર્તા પ્રમાણે વાક્યોનો ક્રમ ગોઠવવો
– પહેલવાન, વિમાન, ઈશાન, કેયાન, વાક્યોનું લેખન
– જુદા જુદા ઉખાણા
– માંકડ, કરોળિયો, ઈયળ, મચ્છર, તમરૂ

**મૂલ્યાંકન**

– પતંગિયાનું ચિત્ર દોરી રંગ પૂરો
– શબ્દોનું લેખન કરવા કહેવું
– પ્રશ્નોના જવાબો આપવા કહેવું
– પ્રાણીઓના નામ લખવા
– વાક્યો લખવા
– છેલ્લે 'ન' આવતા હોય તેવા શબ્દો લખો.
– વાક્યોમાં સર્વનામ શોધો
– સાત પ્રશ્નોના જવાબો લખો.
– પાંચ ઉખાણા લખો.
– ૧૦ જીવજંતુના નામ લખવા
– કરોળિયાનું જાળું બનાવી લાવવું

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3** વિષય : ગુજરાતી

**પાઠનું નામ:**
નિબંધ લેખન – "વર્ષાઋતુ"

**અધ્યયન નિષ્પતિ :**
– પરિચિત વિષય પર લેખન કરે.

**શૈક્ષણિક મુદ્દા :**
– નિબંધ લેખન : " વર્ષાઋતુ" (ચોમાસું)

**શૈક્ષણિક સાધન :**
– વર્ષાઋતુનો ચાર્ટ

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**
– વિદ્યાર્થીઓ સાથે વર્ષાઋતુ ચોમાસું અંગે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ લેખનની નોટમાં 'વર્ષાઋતુ' વિશે નિબંધ લખશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- નિબંધ લેખન : ''વર્ષાઋતુ'' (ચોમાસું)

**મૂલ્યાંકન**

| સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન |
| --- |
| **ધોરણ : 3** વિષય : ગુજરાતી |

**પાઠનું નામ**:

૪. સસલાની પાછળ ઉંદર

**અધ્યયન નિષ્પતિ :**

- કાવ્યાત્મક લખાણમાંથી વિગતો શોધે છે.
– દ્રશ્યાત્મક ચિત્ર દોરે છે.
– ચિત્રને આધારે જવાબો આપે છે.
– આકૃત્તિના આધારે જવાબો આપે છે. ચિત્રાત્મક લખાણમાંથી વિગતો શોધે છે.
– માહિતીલક્ષી લખાણમાંથી વિગતો શોધે છે.
– વર્ણનાત્મક લખાણની વિગતોનો ઉપયોગ કરે છે.
– ચિત્રાત્મક લખાણમાંથી વિગતો શોધે છે.
– કથાત્મક લખાણમાંથી વિગતોનો ઉપયોગ કરે છે.
– માહિતીલક્ષી લખાણનું વિશ્લેષણ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ગીતોનું ગાન
– જૂથકાર્ય – ૧
– ગઈકાલથી આગળ જૂથકાર્ય
– આકૃતિ બનાવે
– શબ્દ ચિત્ર ઓળખીને શબ્દોનું લેખન કરે
– વાક્ય ચિત્ર વાંચી વાક્યોનું અનુલેખન કરે
– ખોટા શબ્દો પર ચોરસ કરો.
– વર્ગમાં જુદી જુદી વસ્તુના પડછાયા બનાવવા
– શબ્દો ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.
– ટ્ર, ડ્ર, ક્ર, મ્ર જેવા અક્ષરોને ઓળખે છે.
– ચિત્ર વાર્તા કહેવી
– બેવડાયેલા શબ્દોની ઓળખ
– ચિત્ર જોડકણા કરાવવા
– સાચા શબ્દ પર '૦' કરો.
– ઉખાણા અને જોક્સ

**શૈક્ષણિક સાધન :**

– મોબાઈલ
– કાગળ, પેન્સિલ, કલર
– દિવસળીની સળી
– રંગીન ચોક, કાગળ, પેન્સિલ
– વાક્ય ચિત્ર ચાર્ટ
– વાક્ય ચાર્ટ
– ટોર્ચ, ડસ્ટર, પુસ્તક, ચોક
– આંગળા, પીછી, પેન્સિલ
– આડા અવડા શબ્દોનો ચાર્ટ
– વાર્તા ચિત્રોનો ચાર્ટ
– શબ્દ ચાર્ટ
– ઉખાણાનો ચાર્ટ

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

– શિક્ષક સૌપ્રથમ વર્ગમાં બાળકોને હળવી કવાયત કરી અને વર્ગ વ્યવસ્થા કરશે. બાળકોને સમૂહમાં તૂટેલા જૂતાની બિમારીનું કાવ્ય ગવડાવશે. બાળકો સમૂહમાં કાવ્યનું ઝીલગાન કરશે. કાવ્યની સમજૂતિ કરાવશે. બાળકો સમજશે. બાળકોને જૂથકાર્ય ૧ માં જુદી – જુદી ડિઝાઇનનું અવલોકન કરવા માટે કહેશે. બાળકો જૂદી – જુદી ડિઝાઇનનું અવલોકન કરશે અને પોતાને મનગમતા કલર પૂરશે. શિક્ષક બનાવેલા ચિત્રના આધારે પ્રશ્નો પૂછશે. શિક્ષકો બાળકોને આમ જુદા

– જુદા આકારની આકૃત્તિઓ બનાવવા માટે આપશે. બાળકો સળીઓમાંથી આકૃત્તિઓ બનાવશે. શિક્ષક પૂછેલા પ્રશ્નોના જવાબો આપશે અને પોતાના પાઠ્ય પુસ્તકમાં જવાબો લખશે.

– શિક્ષકક બાળકોને પા.નં. પર આપેલા શબ્દ ચિત્રોની સમજ આપશે. બાળકો સમજશે અને તેમાંથી શબ્દો શોધવા પ્રયત્નો કરશે બાળકો શબ્દ શોધી વારાફરતી વ્યક્તિગત બોલશે અને પોતાના પાઠ્યપુસ્તકમાં શોધશે. શિક્ષક બાળકોને આનંદ પ્રમોદ માટે સમૂહમાં ગીત ગવડાવશે. બાળકો સમૂહમાં ગીતનું ઝીલગાન કરશે. શિક્ષક બાળકોને

વર્ગમાં વાક્યો દ્વારા બનાવેલા ચિત્રનું અવલોકન કરાવશે. બાળકો તે વાક્યો વ્યક્તિગત વાંચન કરશે અને તેનું અનુલેખન કરશે. શિક્ષક બાળકોને પા.નં. ૫૪ પર આવેલા વાક્યોમાં ખોટા શબ્દો ચેક કરવા માટેની સમજ આપશે. વાક્ય બરાબર વાંચશે અને ખોટા શબ્દ પર ચેકો મારશે અને નોટમાં લખશે.

– શિક્ષક વર્ગમાં બાળકોને વર્ગ બંધ કરી અંધારું કરી અને ટોર્ચની મદદથી જુદા – જુદા પડછાયાનું અવલોકન કરાવશે. બાળકો આવા જ પડછાયા તેમના ઘરે જઇ તેમના મમ્મી પપ્પાને બતાવશે. પડછાયાના આકાર કેવા છે તેના જવાબો વર્ગમાં આંગળાનો જાદુ કાવ્ય યોગ્ય હાવભાવ – રાગ સાથે ગવડાવશે. બાળકો કાવ્ય સમૂહમાં જાતે ગાશે. શિક્ષક કાવ્યની સમજૂતિ આપશે બાળકો સમજશે પ્રશ્નોના જવાબો વિચારીને આપશે. શિક્ષક વર્ગમાં બાળકોને આડા – અવળા શબ્દો પૂછી તેને યોગ્ય ક્રમમાં ગોઠવવાનું અને અર્થ પૂર્ણ વાક્ય બનાવવા માટેની સમજ આપશે. બાળકો માટે પુસ્તકમાં આપેલ આડા – અવડા શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવશે. શિક્ષક આવા જ બીજા વાક્યો બનાવવાનું કહેશે.

– શિક્ષક બાળકોને ટ્ર, ડ્ર, ક્ર, મ્ર જેવા મૂળાક્ષરોની ઓળખ આપશે. અને આવા મૂળાક્ષરો આવતા હોય તેવા શબ્દો લખાવી તેમાંથી મૂળાક્ષર સુધી '૦' કરવાનું કહેશે. બાળકો તે પ્રમાણે કરશે અને શબ્દો પોતાની નોટમાં લખશે. શિક્ષક બાળકોને બાળકો ધ્યાનથી સાંભળશે. અને જૂથમાં વાર્તા કહેવાનો પ્રયત્ન કરશે. વાર્તામાં આવતા પ્રશ્નોના જવાબ આપશે અને લખશે. શિક્ષક બાળકોને બેવડાયેલા શબ્દોની સમજ આપશે. અને બાળકોને ઉદાહરણ આપી સમજાવશે. બાળકો તે સમજશે અને તેવા શબ્દોની નીચે લીટી દોરી શિક્ષક બાળકોને પાઠમાં આપેલા જુદા – જુદા ચિત્રો દોરવાની સમજ આપશે. બાળકો તે ચિત્રો દોરશે અને તેના પરથી વાક્ય લખશે. શિક્ષક બાળકોને સાચા અને ખોટા શબ્દોનું લેખન કરાવશે. અને તેમાં સાચો શબ્દ કયો છે તે શોધી તેના પર '૦' કરવા માટે કહેશે. બાળકો તે પ્રમાણે કરશે શિક્ષક બાળકોને વર્ગમાં ચિત્ર પરથી બનતા જુદા – જુદા જોડકણાં કહેશે. બાળકો ધ્યાનથી સાંભળશે અને જૂથમાં તેમજ વ્યક્તિગત જોડકણાના નો જવાબ આપશે. અને પોતાની નોટમાં લખશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- દાકટર, જુતાજી, નાડી, નડારી, અઘરા શબ્દો
– જૂથકાર્ય ચિત્રમાં રંગ પૂરો
– દિવાસળીની સાડીઓની ડિઝાઇન
– પ્રશ્નોના જવાબો સાડીની ડિઝાઇન
– પ્રશ્નોના જવાબો સાડીની ગણતરી
– બારમાસી, નાક બંગલો, ડાળી, આંખ, ઘજા, ઝાડ, દડો, ટિફિન
– વાક્યોનું કપ અને ઘરનું ચિત્ર
– ખોટા શબ્દો પર ચેકો કરવો
– જુદી – જુદી વસ્તુઓના પડછાયા રચવા
– કાવ્યગાન આંગળાનો જાદુ
– વાક્યોનું લેખન
– ચિત્રવાર્તા
– ખાતા ખાતા, રમતા રમતા, હસતા હસતા
– ચિત્ર દોરી રંગ પુરવા
– શબ્દોનું લેખન
– ઉખાણા લખવા

**મૂલ્યાંકન**

– અઘરા શબ્દોનું લેખન કરવું
– જુદા – જુદા પુસ્તકોના આકાર કહેવા
– પાંચ પ્રશ્નોના જવાબો લખવા
– શબ્દોનું લેખન કરવું
– વાક્યનું અનુલેખન ઘરેથી કરવું
– પાંચ ખોટા શબ્દો પર '૦' કરો.
– પાડેલા પડછાયાના આકારો લખી લાવવા
– ઘરે આંકડામાંથી વિવિધ વસ્તુઓ બનાવવી.
– અર્થપૂર્ણ વાક્ય બનાવવા
– શબ્દોનું લેખન કરવું

– ઘરેથી બીજી ચિત્ર વાર્તા શોધવી
– આવા બીજા શબ્દો શોધીને લાવવા
– પાંચ ચિત્ર દોરવા
– બે ઉખાણા લખવા

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3** વિષય : ગુજરાતી

**પાઠનું નામ:**
નિબંધ લેખન રક્ષાબંધન

**અધ્યયન નિષ્પતિ :**
- પરિચિત વિષય પર લખેન કરે.

**શૈક્ષણિક મુદ્દા :**
– નિબંધ લેખન – રક્ષાબંધન

**શૈક્ષણિક સાધન :**
–

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
– વિદ્યાર્થીઓને ‘રક્ષાબંધન’ ના તહેવાર વિષે ચર્ચા કરી એક – એક વાકય બોલાવીશ. વિદ્યાર્થીઓ લેખનની નોટમાં ‘રક્ષા બંધન’ વિશે લખશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**
- નિબંધ લખેન – રક્ષા બંધન

**મૂલ્યાંકન**

**ઓકટોબર માસનું પાઠ આયોજન**
**ધોરણ : 3** વિષય : ગુજરાતી

**પાઠનું નામ:**
૫. કોરો કાચ બોભીનો ચાંદો

**અધ્યયન નિષ્પતિ :**
– કાવ્યાત્મક લખાણમાંથી વિગતો શોધે છે.
– માહિતી લક્ષી લખાણમાંથી વિગતો શોધે છે.
– વર્ણનાત્મક લખાણના આધારે સર્જન કરે છે.
– નિર્જીવ વસ્તુમાંથી નિર્માણ કરે છે.
– શીખેલી બાબતો યાદ રાખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**
– ગીતનું ગાન
– ચિત્ર દોરવાની પ્રવૃત્તિ વાર્તાનું વાંચન
– ઉદાહરણ મુજબના શબ્દો શોધીને લખે
– વાક્ય સાચું છે કે ખોટું તે કહે
– શબ્દ વાંચનની પ્રવૃત્તિ
– રૂમાલમાંથી પેરાશૂટ બનાવે
– પોપટના ગીતનું ગાન
– ચિત્ર પરથી પરિચય
– ફકરાનું અનુલેખન
– રમુજી ટુચકાઓ
– પુનરાવર્તન

**શૈક્ષણિક સાધન :**
– મોબાઈલ
– દેશી હિસાબ
– વાર્તા ચિત્ર
– વાકય ચાર્ટ
– શબ્દ ચાર્ટ
– ફકરા ચાર્ટ
– કાવ્ય બુક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
– શિક્ષક વર્ગમાં બાળકોને હળવી કવાયત કરાવી અને વર્ગ વ્યવસ્થા કરશે.પ્રાણીઓને લગતુ ગીત યોગ્ય રાગ અને ઢાળ સાથે ગાશે. બાળકો તેનું ગાન કરશે. બાળકો સમૂહમાં ગીતનું ગાન કરશે. શિક્ષક બાળકોને ગીતનું લેખન કરવા કહેશે. શિક્ષક બાળકોને પ્રાણીઓના જુદા – જુદા ચિત્રો બતાવશે અને દોરાવશે. તેમાં રંગ પુરાવશે. બાળકો મનગમતા કલર પુરશે. શિક્ષક વર્ગમાં વિદ્યાર્થીઓને આરોહ – અવરોહ સાથે વાંચન કરશે. બાળકો સાંભળશે. બાળકો વાર્તામાં કોના વિશે કહેવામાં આવ્યું તે કહેશે. શિક્ષક બાળકોને ચાંદો પકડયો વાર્તા કહેશે અને તેમાંથી પ્રશ્નોના જવાબ પૂછશે. બાળકો જવાબ આપશે. અને નોટમાં લખશે. શિક્ષક બાળકોને પાઠમાં આવતા શબ્દો જેવા કે રમતા – રમતા એવા અન્ય શબ્દોની સમજ આપશે. તેના પરથી વાકય બનાવવાની સમજ

આપશે. બાળકો વાકય બનાવશે. શિક્ષક પાઠને અનુલક્ષીને અમુક વાક્યોને સાચા અને ખોટા વાક્યો લખશે. અને બાળકોને પણ લખાવશે. શિક્ષક તેમાંથી સાચા વાક્યો અને ખોટા વાક્યો જણાવવા માટે કહેશે. શિક્ષક વર્ગમાં બાળકોને ચિત્ર બતાવી તેમાંથી અમુક શબ્દો લખાવશે. બાળકો વિચારીને શબ્દો વાંચશે. શિક્ષક વર્ગમાં બાળકોને રૂમાલ માંથી પેરાશુટ કેવી રીતે બનાવાય તે સમજાવશે. બાળકો પોતાની જાતે પેરાશૂટ બનાવશે. શિક્ષક બાળકોને વર્ગમાં પોપટનું ગીત યોગ્ય રાગ ઢાળ સાથે ગાન કરાવશે. બાળકો તે રીતે ગાશે. શિક્ષક પક્ષીઓની ઓળખ આપશે. બાળકો જાણશે. શિક્ષક બાળકોને વર્ગમાં પક્ષીઓના ચિત્ર ચાર્ટ બતાવશે તે ચિત્ર પરથી પંખીનો પરિચય આપી. સમજાવશે. બાળકો સમજશે. શિક્ષક બાળકોને ચાર્ટમાં લખેલો એક ફકરો બતાવશે અને તેનું વાંચન કરશે. બાળકો ફકરો વાંચી તેનું લેખન કરશે. શિક્ષક વર્ગમાં બાળકોને સમૂહમાં કાચબાનું ગાન કરાવશે. બાળકો સમૂહમાં ગાન કરશે. શિક્ષક બાળકોને પાણીમાં રહેતા પ્રાણીઓની ઓળખ કરાવશે. બાળકો તે ઓળખશે. અને નામ બોલશે. તથા બાળકો સાથે રમુજી ટુચકાઓ કહેશે. અને બાળકોને અન્ય બીજા ટુચકા શોધી લાવવા કહેશે. શિક્ષક બાળકોને પાઠના અંતે સ્વાધ્યાયકાર્ય કરાવી અને પુનરાવર્તન કરાવશે. બાળકોને પ્રશ્નોના જવાબો લખી લાવવા કહેશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

-પ્રાણીઓના નામ
- પ્રાણીઓની ઓળખ
- ચિત્રમાં રંગ પુરવા
- જોડાક્ષરવાળા શબ્દો પરથી વાક્યોનું લેખન
- શબ્દોનું લેખન
- રૂમાલમાંથી પેરાશૂટ બનાવવું
- પોપટનું ચિત્ર
- પંખીનું ચિત્ર દોરો
- ફકરા લેખન
- કાચબાનું ચિત્ર
- મગર માછલી,
- રમુજી ટુચકા
- પુનરાવર્તન

**મૂલ્યાંકન**

- દસ પ્રાણીઓના નામ લખવા
- આપેલા ચિત્રમાં રંગ પુરવા
- પાંચ પ્રશ્નોના જવાબ લખવા
- દસ શબ્દો પરથી વાક્યો લખવા
- શબ્દોનું લેખન કરવું
- ઘરેથી પેરાશૂટ બનાવવું
- પંખીનું ચિત્ર દોરો
- પાણીમાં રહેતા પાંચ પ્રાણીઓના નામ લખો
- રમુજી ટુચકા લખવા એન તૈયાર કરવા
- પ્રશ્નોના જવાબ લખવા.

**ઓકટોબર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 3** વિષય : ગુજરાતી

**પાઠનું નામ:**

નિબંધ લેખન : દિવાળી

**અદ્યયન નિષ્પતિ :**

- ચિત્ર તથા વિષયના આધારે વાંચન કરે
- પરિચિત વિષય પર લેખન કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

- દિવાળીના ચિત્રોનું અવલોકન તથા વર્ણન
- દિવાળી વિશે ચર્ચા તથા લેખન

**શૈક્ષણિક સાધન :**

- દિવાળીના તહેવારનો ચાર્ટ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ પાસે દિવાળીના તહેવારના ચિત્રો બતાવી અવલોકન કરવા જણાવીશ. ચિત્રોનું વર્ણન કરવા જણાવીશ. વિદ્યાર્થીઓ સાથે દિવાળીના તહેવાર વિષે ચર્ચા કરાવીશ. વિદ્યાર્થીઓ લેખનની નોટમાં દિવાળી તહેવાર વિશે લેખન કરશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- નિબંધ લેખન : "દિવાળી"

**મૂલ્યાંકન -**

શિ ક્ષ ણ સા ગ ર

# વાર્ષિક માસવાર આયોજન

શિક્ષકો વિદ્યાર્થીઓ માટે તમામ શૈક્ષણિક મટીરીયલ્સ એક જ જગ્યાએ મેળવવા **શિક્ષણસાગર એપ્લિકેશન** ડાઉનલોડ કરો.

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education





**આવા દરેક ધોરણના વિષયવાર આયોજન શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.**